શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | TATA SHAKTEE GC SHEET | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ બારસ શુક્રવાર ૨૬ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૦૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# વેનેઝુએલામાં સદીનો સૌથી વિનાશક ભૂકંપ

## 1 લાખનાં મોતની આશંકા



» બે પ્રચંડ આંચકાથી ભારે તબાહી, 188થી વધુના મોત » કેરેબિયન કાંઠે 7.2ની તીવ્રતાનો ધરતીકંપ થયો, તેની એક જ મીનિટ પછી 7.5ની તીવ્રતાનો બીજો ભૂકંપ સર્જાયો » અનેક ઇમારતો ધરાશાયી, 1000 જેટલા ઇજાગ્રસ્ત, રાજધાની કારાકાસમાં પણ વ્યાપક નુકસાન » સૌથી વધુ તબાહી લા ગુઆયરા રાજ્યમાં

**કારાકાસ, તા. 25:** વેનેઝુએલામાં એક પછી એક ત્રાટકેલા બે શક્તિશાળી ધરતીકંપોથી ભારે તબાહી થઈ છે. આ ભૂકંપમાં ઓછામાં ઓછા 188 લોકોના મોત થયા છે, લગભગ ૧,૦૦૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને ઘણા લોકો ધરાશાયી થયેલી ઈમારતોના કાટમાળ નીચે ફસાયા છે. સ્થાનિક સમય પ્રમાણે બુધવારે સાંજે આવેલા ૭.૨ અને ૭.૫ ની તીવ્રતાના આ ધરતીકંપો વેનેઝુએલામાં એક સદી કરતાં પણ વધુ સમયમાં આવેલા સૌથી શક્તિશાળી ભૂકંપોમાંના એક હતા અને તેની ધ્રુજારી સમગ્ર ક્ષેત્રમાં અનુભવાઈ હતી. દેશનું મુખ્ય એરપોર્ટ ક્ષતિગ્રસ્ત થતાં બંધ કરી દેવામાં આવ્યું છે, જ્યારે વેનેઝુએલાની રાજધાની કારાકાસથી આશરે ૧,૭૦૦ કિલોમીટર દૂર આવેલા બ્રાઝિલના એમેઝોન જેવા વિસ્તારોમાં પણ ઈમારતો ખાલી કરાવવામાં આવી હતી. ગુરુવારે ટેલિવિઝન પ્રસારણમાં જોવા મળ્યું કે બચાવકર્તાઓ કાટમાળના ઢગલાઓમાં રસ્તો બનાવવા માટે યાંત્રિક સાધનોનો ઉપયોગ કરી રહ્યા છે, જ્યાં ક્યારેક ઈમારતો ઊભી હતી. રાજધાનીના ગભરાયેલા રહીશો રસ્તાઓ પર દોડી આવ્યા હતા, અને ભૂકંપ બાદ ઘણા લોકો ધરાશાયી થયેલી ઈમારતો અને ધરાશાયી થયેલા વીજળીના થાંભલાઓ વચ્ચે પોતાના ગુમ થયેલા સ્વજનોની શોધખોળ કરતા જોવા મળ્યા હતા. કાર્યકારી પ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝે, જેમણે ગુરુવારે વહેલી સવારે મૃત્યુઆંકના તાજા આંકડા આપ્યા હતા, જણાવ્યું હતું કે સત્તાવાળાઓ દેશના અન્ય ભાગોમાંથી બચાવ ટીમોને લા ગુઆયરા ખસેડી રહ્યા છે, જે કારાકાસની ઉત્તરે દરિયાકાંઠા પર આવેલું છે. તેમણે જણાવ્યું કે અધિકારીઓ દિવસના પ્રકાશનો મહત્તમ ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે જેથી કાટમાળ નીચે ફસાયેલા હોવાની આશંકા ધરાવતા લોકોને બચાવવાની કામગીરી ઝડપી બનાવી શકાય. સરકારી ટીવી પરના ફૂટેજમાં ધૂળથી લથપથ પરંતુ જીવતા ત્રણ બાળકોને લા ગુઆયરા રાજ્યમાં કાટમાળમાંથી બહાર કાઢવામાં આવતા બતાવવામાં આવ્યા હતા.

રોડ્રિગ્ઝે આ વિસ્તારને “આપત્તિ ઝોન” તરીકે ગણાવ્યો હતો અને મોટી સંખ્યામાં ઈમારતો ધરાશાયી થવાને કારણે તે ભૂકંપથી સૌથી વધુ પ્રભાવિત વિસ્તારોમાંનો એક છે. રોડ્રિગ્ઝે જણાવ્યું હતું કે, “ત્યાં ડઝનેક ઈમારતો ધરાશાયી થઈ છે... અને અમે અત્યારે લોકોના જીવ બચાવવા માટે સઘન બચાવ કામગીરી ચલાવી રહ્યા છીએ. જો કે વેનેઝુએલા બહુવિધ ફોલ્ટ લાઈન્સની નજીક આવેલું છે, પરંતુ સાઉથ અમેરિકન અને કેરેબિયન પ્લેટ્સ વચ્ચેની તેની સ્થિતિને કારણે લેટિન અમેરિકાના અન્ય ભાગોની સરખામણીમાં અહીં શક્તિશાળી ધરતીકંપો આવવા ખૂબ જ અસામાન્ય છે. રોડ્રિગ્ઝે વ્યવસાયોને બચાવ કામગીરી માટે ભારે બાંધકામના સાધનો ઉપલબ્ધ કરાવવા અપીલ કરી હતી, અને ઉમેર્યું હતું કે યુનાઈટેડ નેશન્સ (યુએન) દ્વારા પ્રમાણિત સર્ચ અને રેસ્ક્યુ ટીમો પણ વેનેઝુએલા આવી રહી છે. એક અંદાજ પ્રમાણે ખરેખરો મૃત્યુઆંક ૧૦૦૦૦થી ૧૦૦૦૦૦ જેટલો હોઈ શકે છે. યુ.એસ. જીઓલોજિકલ સર્વે (USGS) એ જણાવ્યું હતું કે ૭.૨ ની તીવ્રતાનો પ્રથમ ભૂકંપ કેરેબિયન તટ પર મોરોનની પશ્ચિમે આવ્યો હતો, જે કારાકાસથી લગભગ ૧૭૦ કિલોમીટર પશ્ચિમે છે. તેની ઊંડાઈ ૨૨ કિલોમીટર હતી. તેના બરાબર એક મિનિટ પછી, USGS એ ૭.૫ ની તીવ્રતાના બીજા ભૂકંપની માહિતી આપી, જેની ઊંડાઈ ૧૦ કિલોમીટ હતી અને તેનું ધરતીકંપ કેન્દ્ર મોરોનની દક્ષિણ-પશ્ચિમમાં ૧૬ કિલોમીટર દૂર હતું.રોડ્રિગ્ઝે જણાવ્યું કે રાજધાનીના કેટલાક ભાગોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી અને સેલફોન કવરેજ ખોરવાઈ

...અનુસંધાન પાના 4 પર

## દુનિયાભરમાંથી સહાયનો ધોધ શરૂ

ઈક્વાડોરે માનવતાવાદી સહાય પહોંચાડવાનો આદેશ આપ્યો છે, અને રોડ્રિગ્ઝે જણાવ્યું કે કતાર, મેક્સિકો અને અલ સાલ્વાડોરે પહેલેથી જ બચાવ કર્મચારીઓ મોકલી દીધા છે. અમેરિકા પણ સહાય મોકલી રહ્યું છે. વેનેઝુએલાની સરકારના ક્યારેક કટ્ટર વિરોધી રહેલા અલ સાલ્વાડોરના પ્રમુખ નાયબ બુકેલેએ X પર એક પોસ્ટમાં લખ્યું, “અમે તમને અમારી તમામ એકતા અને અમારી પ્રાર્થનાઓ મોકલીએ છીએ. વેનેઝુએલા, મજબૂત રહો. જો કે એરપોર્ટનો રન-વે તૂટી ગયો હોવાથી સહાય સામગ્રી લઇને આવતા વિમાનોને મુશ્કેલી પડી રહી છે. રોડ્રિગ્ઝ - જેઓ અમેરિકી સૈન્ય

...અનુસંધાન પાના 4 પર



## દર્દીઓને હોસ્પિટલોમાંથી બહાર કાઢવા પડ્યા

ઓનલાઈન શેર કરાયેલા વીડિયોમાં લા ગુઆયરાની એક હોસ્પિટલની બહાર ડઝનેક લોકોની સારવાર થતી જોવા મળી

...અનુસંધાન પાના 4 પર

## રાષ્ટ્રીય રજાના દિવસે જ ભૂકંપ આવ્યા

જ્યારે આ ધરતીકંપના આંચકા આવ્યા, ત્યારે ઘણા વેનેઝુએલાવાસીઓ પોતાના ઘરે ‘બેટલ ઓફ કારાબોબો ડે’

...અનુસંધાન પાના 4 પર

## દેશના એરપોર્ટ પર હોરર ફિલ્મ જેવા દ્રશ્યો

સિમન બોલિવર ઇન્ટરનેશનલ એરપોર્ટની અંદરના ફૂટેજમાં, બિલ્ડિંગની આંતરિક રચનાઓ તૂટી પડેલી દેખાતી હતી. એક

...અનુસંધાન પાના 4 પર

## ધરતીકંપ શેના કારણે આવ્યો?

વેનેઝુએલા કેરેબિયન અને સાઉથ અમેરિકન ટેક્ટોનિક પ્લેટ્સ (ભૂગર્ભીય પ્લેટો)ની સરહદ પર આવેલું છે. યુએસ જીઓલોજિકલ સર્વે (USGS)એ જણાવ્યું હતું કે બુધવારે આવેલા બે ધરતીકંપોમાંનો મોટો ભૂકંપ પ્લેટની સરહદ નજીક ‘શેલો સ્ટ્રાઈક-સ્લિપ ફોલ્ટિંગ’ને કારણે થયો હતો. આ પ્રકારનો ધરતીકંપ ત્યારે આવે છે જ્યારે પૃથ્વીના પોપડાના બે ભાગો આડા (ક્ષિતિજ સમાંતર) એકબીજાની બાજુમાંથી સરકે છે, જેનાથી મુક્ત થતી ઊર્જા ભૂકંપના મોજાં (સેઇસ્મિક વેવ્સ) પેદા કરે છે. એજન્સીએ જણાવ્યું હતું કે આટલી મોટી તીવ્રતાના ધરતીકંપો કોઈ એક બિંદુ પર નહીં, પરંતુ ફોલ્ટના એક વ્યાપક હિસ્સા પર થતી હલચલને કારણે થાય છે. આ દેશે તેના ઇતિહાસમાં અગાઉ પણ વિનાશક ધરતીકંપો અનુભવ્યા છે. USGS ના જણાવ્યા અનુસાર, ૧૮૧૨ માં જ્યારે એક શક્તિશાળી

...અનુસંધાન પાના 4 પર

## લગભગ ૧,૦૦૦ લોકો ઈજાગ્રસ્ત





## બે પ્રચંડ ભૂકંપથી કારાકાસના રહેવાસીઓ આઘાતમાં

ભૂકંપ દરમિયાન, કારાકાસમાં લોકો હલતી ઈમારતોમાંથી બહાર દોડી આવ્યા હતા. ઘણા લોકો જ્યારે પાછા વળ્યા ત્યારે દિવાલો તૂટી ગયેલી જોઈને આઘાતમાં સરી પડ્યા હતા, જેના કારણે ઘરનું ફર્નિચર રસ્તા પરથી જ દેખાઈ રહ્યું હતું. રાજધાનીના બે સામાન્ય રીતે વ્યસ્ત રહેતા વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડતી જોવા મળી હતી.